રાજ્યમાં કોરોનાના નવા ૧૨૭૦ કેસ

રાજ્યમાં કોરોનાથી કુલ ૧૨નાં મૃત્યુ : ૧૩૮૨૦ એક્ટિવ કેસ : ૭૨ વેલ્ટીલેટર અને ૧૩૭૪૮ દર્દી સ્ટેબલ : કુલ મૃત્યુઆંક વધીને ૪૧૩૫ ઉપર પહોંચ્યો

ગાંધીનગર, તા. ૧૦

ગુજરાતમાં હવે ધીરે-ધીરે કોરોના વાયરસના નવા કેસોમાં ઘટાડો નોંધાયો છે. ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના નવા ૧૨૭૦ કેસ નોંધાયા છે અને આ સાથે અત્યાર સુધીમાં નોંધાયેલા કોરોના વાયરસના કુલ કેસનો આંકડો ૨૨૪૦૮૧ પર પહોંચ્યો છે. જ્યારે બીજી બાજુ છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં કોરોનાના ૧૪૬૪ દર્દીઓ સાજા થઈને પરત ફર્યા છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના કારણે વધુ ૧૨ દર્દીઓના મોત થતાં કુલ મૃત્યુઆંક ૪૧૩૫ થયો છે. જ્યારે ગુજરાતમાં અત્યાર સુધીમાં ૨૦૬૧૨૬ દર્દીઓ સાજા થયા છે. રાજ્યમાં દર્દીઓના સાજા થવાનો દર ૯૧.૯૯ ટકા થઈ ચુક્યો છે.

રાજ્યમાં ટેસ્ટની સંખ્યામાં પણ દિન પ્રતિદિન વધારો કરવામાં આવી રહ્યો હોવાના દાવા સરકાર કરી રહી છે. આજે રાજ્યમાં કુલ ૬૦૫૪૭ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જે રાજ્યની વસ્તી અનુસાર પ્રતિ દિવસ ૯૩૧.૪૯ પ્રતિ મીલીયન થાય છે. રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૮૪૯૨૬૪૧ ટેસ્ટ કરવામાં આવ્યા છે. રાજ્યમાં જુદા જુદા જિલ્લાઓમાં આજની તારીખે કુલ ૫૫૩૧૩૬ વ્યક્તિઓને ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. જે પૈકી ૫૫૨૯૯૯ વ્યક્તિઓને હોમ ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. જ્યારે ૧૩૭ વ્યક્તિઓને ફેસીલીટી ક્વોરન્ટાઈન રાખવામાં આવ્યા હોવાની માહિતી પ્રાપ્ત થઈ રહી છે. જો એક્ટિવ દર્દીઓની વાત કરીએ તો રાજ્યમાં હાલ ૧૩૮૨૦ એક્ટિવ કેસ છે. વેન્ટિલેટર પર ૭૨ છે. જ્યારે ૧૩૭૪૮ લોકો સ્ટેબલ છે. ૨૦૬૧૨૬ લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં કુલ ૪૧૩૫ લોકોનાં મોત નિપજ્યા છે. આજે ૧૨ લોકોનાં મોત નિપજ્યાં છે. જે પૈકી અમદાવાદ કોર્પોરેશનના ૭, સુરત કોર્પોરેશન ૩, મહેસાણા ૧ અને વડોદરા ૧ વ્યક્તિ સહિત કુલ ૧૨ દર્દીનાં કોરોનાને કારણે મોત નિપજ્યાં છે.

સોમવારે ખગ્રાસ સૂર્યગ્રહણનો અદ્‌ભુત અવકાશી નજારો

ગાંધીનગર, તા. ૧૦

દુનિયાના દેશો અને અમુક પ્રદેશોમાં તા. ૧૪-૧૫મી ડિસેમ્બરે અમુક દેશો-પ્રદેશોમાં ખગ્રાસ અને ખંડગ્રાસ ગ્રહણનો અદ્‌ભુત અવકાશી નજારો જોવા મળવાનો છે. વિશ્વના વૈજ્ઞાનિકોએ માનવકલ્યાણકારી સંશોધનો માટે પોતાનુ નિયત સ્થળની પસંદગી કરી લીધી છે. આ ગ્રહણ ચીલી, આર્જેન્ટીના, દ. પેસીફીક મહાસાગર, દ. એટલાંટીકમાં ખગ્રાસ સૂર્યગ્રહણ દેખાશે. એન્ટાર્કટીકા, પેસીફીક મહાસાગર, દ. અમેરિકામાં દક્ષિણ ભાગમાં ખંડગ્રાસ દેખાશે.

ભૂમંડલે ભારતીય સમય મુજબ ગ્રહણ સ્પર્શ : ૧૯ કલાક ૩ મિનિટ ૩૯ સેકન્ડ, ગ્રહણ સંમીલન : ૨૦ કલાક ૨ મિનિટ ૧૬ સેકન્ડ, ગ્રહણ મધ્ય : ૨૧ કલાક ૪૨ મિનિટ ૧૨ મિનિટ, ગ્રહણ ઉન્મીલન : ૩ કલાક ૨૪ મિનિટ ૨ સેકન્ડ, ગ્રહણ મોક્ષ : ૨૪ કલાક ૨૨ મિનિટ ૫૦ સેકન્ડ, પરમ ગ્રાસ : ૧.૦૨૫ રહેશે. વિશ્વના પ્રદેશોમાં ગ્રહણ આશરે ૫ કલાક ૧૯ મિનિટનું રહેશે.

ભારતમાં ખગ્રાસ કે ખંડગ્રાસ સૂર્યગ્રહણ જોવા મળવાનું નથી. વિશ્વના અમુક દેશ-પ્રદેશોમાં આશરે સવા પાંચ કલાક સુધી ગ્રહણનો અવકાશી નજારો આબેહૂબ જોવા મળવાનો છે. આ ગ્રહણ અદ્‌ભુત-અલૌકિક છે. જીંદગીનો યાદગાર પ્રસંગ છે. માનવ જાતે વિજ્ઞાન ઉપકરણથી જોવાલાયક નજારો છે. વિશ્વના વૈજ્ઞાનિકોએ પોતાની જગ્યા નિયત કરી વ્યવસ્થા આરંભી દીધી છે. વિશ્વના વૈજ્ઞાનિકો અદ્યતન સાધનોથી લોકકલ્યાણકારી સંશોધનો કરશે. ગ્રહણની અસરો, પશુ-પંખી અને તેની ગતિવિધિ સાથે સાર્વત્રિક અભ્યાસ કરશે.

રાજ્યમાં ૮૦ ટકા ઘરોમાં 'નલ સે જલ' આપીએ છીએ : રૂપાણી

૧૦૦ ટકા લક્ષ્યાંક ૨૦૨૨ સુધીમાં પૂરો કરવાનું લક્ષ્ય : ભૂતકાળની કોંગ્રેસની સરકારોએ પાણીની ચિંતા ન કરી, નહીં બજેટ ફાળવ્યા, નહીં કોઇ આયોજન કર્યા : મુખ્યમંત્રી

ગાંધીનગર, તા. ૧૦

મુખ્યમંત્રી વિજય રૂપાણીને અમદાવાદ ગ્રામ્ય જિલ્લાના ૧૨૮ ગામોની ૩.૭૪ લાખ જનસંખ્યાને પીવાનું શુદ્ધ પુરતું પાણી પુરૂં પાડનારી રૂ. ૪૮ ૬૨ કરોડની ત્રણ પાણી પુરવઠા સુધારણા યોજનાના ઈ-ખાતમૂર્હત ગાંધીનગરથી વિડીયો કોન્ફરન્સ દ્વારા સંપન્ન કર્યા હતા.

મુખ્યમંત્રીએ રાજયમાં વિશાળ વોટરગ્રીડના નિર્માણથી સૌરાષ્ટ્ર, કચ્છ-ઉત્તર ગુજરાત સહિત અંતરિયાળ ગામો સુધી પીવાનું શુદ્ધ પાણી પહોચાડવામાં ગુજરાતે અગ્રેસરતા મેળવી છે તેવો સ્પષ્ટ મત આ વેળાએ વ્યકત કર્યો હતો. પાણી પુરવઠા મંત્રી કુંવરજી બાવળિયા જસદણ-વિંછીયાથી વિડીયો કોન્ફરન્સ દ્વારા તેમજ ગૃહ રાજ્ય મંત્રી પ્રદિપસિંહ જાડેજા ગાંધીનગર મુખ્યમંત્રી નિવાસસ્થાનેથી આ અવસરના સાક્ષી બન્યા હતા.

આ સુધારણા યોજનાઓ અન્વયે વિરમગામ, બાવળા અને સાણંદ તાલુકાના ૫૪ ગામોને રૂ. ૨૨.૯૫ કરોડની સૌરાષ્ટ્ર બ્રાંચ કેનાલ આધારિત સુધારણા યોજના, ઝીંઝુવાડિયા બ્રાંચ કેનાલ આધારિત રૂ. ૯.૧૮ કરોડની સુધારણા યોજનામાં વિરમગામ, માંડલ, દેત્રોજના ૪૪ ગામો તેમજ વહેલાલ બ્રાંચ કેનાલ આધારિત રૂ. ૧૩.૮૩ કરોડની સુધારણા યોજનામાં દસક્રોઇના ૩૦ ગામોને લાભ મળવાનો છે. મુખ્યમંત્રીએ ગુજરાતમાં ભૂતકાળમાં કોંગ્રેસની સરકારોમાં ખાસ કરીને ૮૦ થી ૯૦ના દશકમાં પાણીની જે

વિકટ સ્થિતી હતી તેની વરવી વાસ્તવિકતા વર્ણવતા કહ્યું કે, સૌરાષ્ટ્ર-કચ્છ ઉત્તર-ગુજરાતે પાણી માટે વલખાં માર્યા છે, બહુ સહન કર્યુ છે. તેમણે ઉમેર્યું કે, પાણી માટે રમખાણો થતાં, સૌરાષ્ટ્રમાં તો ટ્રેન દ્વારા પાણી પહોચાડવું પડતું અને ટેંકર રાજમાં પણ ભ્રષ્ટાચાર ચાલતો, અઠવાડિયે, પાંચ દિવસે લોકોને પાણી મળતું અને પાણીના અભાવે લોકો હિજરત કરી જતા. વિજય રૂપાણીએ કહ્યું કે, તે લોકોએ પાણી માટે ચિંતા જ ન કરી, ન બજેટ ફાળવ્યા કે ન આયોજનો કર્યા. તેમના સમયમાં તો ખાતમૂર્હત થયા પછી વરસો સુધી કામ જ ન થાય અને બજેટ ફાળવ્યું હોય તે બમણું-ચાર ગણું થઈ જાય તેવી સ્થિતી હતી.

આ સંદર્ભમાં મુખ્યમંત્રીએ કહ્યું કે, રાજ્યમાં નર્મદા, કડાણા, ઊકાઈ જેવી જળાશયો આધારિત ૭૦૦, ૯૦૦ કિલોમીટરની પાઈપલાઈનો નાંખીને છેવાડાના ગામોને પાણી પહોચાડયું છે. પહેલાં વ્યક્તિદિઠ માત્ર ૪૫ લીટર પાણી મળતું આપણે આજે ૧૦૦ લીટર આપીએ છીએ એમ તેમણે ઉમેર્યું હતું. જે પાણી પુરવઠા બોર્ડ ભૂતકાળમાં કોંગ્રેસના સમયમાં ન ગણ્ય હતું તે જ પાણી પુરવઠા બોર્ડના સુદ્રઢ જળવ્યવસ્થાપન, વોટર સપ્લાય યોજનાઓ અને વોટરગ્રીડ જેવી સિદ્ધિઓના અભ્યાસ માટે આજે દેશના અન્ય રાજ્યોના ઈજનેરો-તજજ્ઞો આવે છે એવું વોટર મેનેજમેન્ટ આ સરકારે કર્યુ છે એમ પણ મુખ્યમંત્રીએ ગૌરવ સહ જણાવ્યું હતું. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાવ્યું કે, ભૂતકાળમાં ડંકીના કામો થતા અમે કરોડો રૂપિયાની વોટર સપ્લાય યોજનાઓ શરૂ કરી છે.

"અરવલ્લી શિક્ષણ જ્યોત" નામની એપ્લીકેશન લોન્ચ

ધો. ૯ થી ૧૨ સુધીના વિદ્યાર્થીઓ માટે આશીર્વાદરૂપ સાબીત થશે

હાલ કોરોના મહામારીના કારણે શાળાઓ બંધ છે પરંતુ શૈક્ષણિક કાર્યાલય બંધ નથી તે

અંતર્ગત સમગ્ર ગુજરાત તથા દેશમાં વિદ્યાર્થીઓ જુદા જુદા માધ્યમથી ઘર બેઠા અભ્યાસ કરી રહ્યા છે. અરવલ્લી જિલ્લામાં પણ આ પ્રકારે દરેક તાલુકા અને ગ્રામ્યકક્ષાએ વિદ્યાર્થીઓ ઓનલાઈન શિક્ષણ કાર્ય કરે છે તેના ભાગરૂપે અરવલ્લી જિલ્લાના શિક્ષણ વિભાગ દ્વારા જિલ્લા કલેકટર અમૃતેશ ઔરંગાબાદકર હસ્તે "અરવલ્લી શિક્ષણ જ્યોત"ના નામે શિક્ષણમાં અતિ ઉપયોગી ધોરણ- ૯ થી ૧૨ સુધીના વિદ્યાર્થીઓને બહોળો પ્રમાણમાં લાભ મળી રહે તે હેતુથી એપ્લીકેશન ખુલ્લી મુકવામાં આવી. આ પ્રસંગે જીલ્લા શિક્ષણાધીકારી ગાયત્રીબેન પટેલ તેમજ જિલ્લાના તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક હોદ્દેદારો ઉપસ્થીત રહ્યા હતા.

જીલ્લા કલેકટર અમૃતેશ ઔરંગાબાદકરના જણાવ્યા અનુસાર જે વિદ્યાર્થીઓ ઓનલાઈન શિક્ષણ મેળવી શકતા નથી તેમના માટે સ્ટડી મટીયરલ વિદ્યાર્થીઓ સુધી પહોંચે તેવી અરવલ્લી જિલ્લા શિક્ષણ વિભાગ તરફથી પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ એપ્લીકેશન દ્વારા જિલ્લાના વિદ્યાર્થીઓ અને વાલિઓ અરવલ્લી જિલ્લાની શૈક્ષણિક કસોટીઓ, અરવલ્લી જિલ્લાનું સાહિત્ય, શિષ્યવૃત્તિ અંગેની ઉપયોગી ફાઈલ, અગત્યના પરિપત્રો અગત્યની વેબસાઈટ વગેરે જોવા મળશે.

વૃદ્ધને ટૂરના સપના બતાવી ૨૫ લાખ લઈ ગઠિયો ફરાર

જૂનાગઢ,તા.૧૦

જૂનાગઢમા સિનિયર સિટીઝનને દુબઈની ટૂર કરાવવાની લાલચ આપી અંદાજે ૨૫ લાખની છેતરપિંડી કરનાર આરોપી સુરેશ દીલીપભાઈ તન્નાને જૂનાગઢની સાયબર કાઈમે દબોચી લીધો છે. સુરેશ તન્ના જૂનાગઢની નહેરુ પાર્ક સોસાયટીમાં મા ટ્રાવેલ ટાઈમ નામની એજન્સી ચલાવતો હતો. આ એજન્સીના ઓથા હેઠળ તેણે અંદાજીત ૩૫થી વધુ સિનિયર સિટીઝનને દુબઈની ટૂર કરાવવાની લાલચ આપી ૨૫ લાખ રૂપિયા લઈ ફરાર થઈ ગયો હતો. જેથી નામદાર કોર્ટે તેની સામે બીન જામીનપાત્ર વોરંટ ઈસ્યુ કર્યુ હતુ.

મોટેરા સ્ટેડિયમમાં ફેબ્રુઆરીમાં બે ટેસ્ટ, ટી-૨૦ મેચો રમાશે

અમદાવાદ,તા.૧૦

અમદાવાદીઓ માટે સારા સમાચાર છે. અમદાવાદમાં વિશ્વના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમ મોટેરાની સત્તાવાર શરૂઆત થઈ રહી છે. મોટેરા સ્થિત સરદાર વલ્લભભાઈ પટેલ ક્રિકેટ સ્ટેડિયમમાં ભારત ઈંગ્લેન્ડ વચ્ચે સિરીઝ રમાવવાની છે. અમદાવાદમાં ૨ ટેસ્ટ અને ૫ ટી ૨૦ મેચ રમાશે. આ મેચ ફેબ્રુઆરી મહિનામાં શરૂ થવાની છે. ૭ ફેબ્રુઆરીએ ઈંગ્લેન્ડ સામેની ટેસ્ટ સિરિઝ શરૂ થવાની છે. એ પૈકી ૨૪ ફેબ્રુઆરીથી શરૂ થનારી ત્રીજી ડે-નાઈટ ટેસ્ટ મેચ અમદાવાદ ખાતે પિંક બોલથી રમાશે. જ્યારે ચોથી ટેસ્ટ પણ અમદાવાદમાં જ રમાશે. ઈંગ્લેન્ડ વિરુદ્ધની તમામ ૫ ટી-૨૦ અમદાવાદ ખાતે જ રમાશે. વર્લ્ડના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમ મોટેરાનું ઓપનિંગ ૨૪ ફેબ્રુઆરીના રોજ અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને પીએમ નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવ્યુ હતુ. નવનિર્મિત સ્ટેડિયમની બેઠક ક્ષમતા ૧ લાખ ૧૦ હજાર છે. અગાઉ ઓસ્ટ્રેલિયાનું મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ ૯૨ હજારની બેઠક ક્ષમતા સાથે વર્લ્ડનું સૌથી મોટું સ્ટેડિયમ હતું. મોટેરા સ્ટેડિયમમાં છેલ્લે ઈન્ટરનેશનલ ક્રિકેટ મેચ નવેમ્બર ૨૦૧૪માં હોસ્ટ કરી હતી. ત્યારે ભારતે શ્રીલંકાને ૨૭૫ રન ચેઝ કરતા ૬ વિકેટે હરાવ્યું હતું. અંબાતી રાયુડુએ ૧૨૧ અને શિખર ધવને ૭૯ રનની ઈનિંગ્સ રમી હતી. ત્યારબાદ ૫૦ હજારની બેઠક ક્ષમતા ધરાવતા મોટેરાને વર્લ્ડનું સૌથી મોટું સ્ટેડિયમ બનાવવા માટે જુના સ્ટેડિયમને ડિમોલીશ કરવામાં આવ્યું હતું. અત્યાર સુધી વિશ્વનું સૌથી મોટું ક્રિકેટ સ્ટેડિયમ ગણાતું ઓસ્ટ્રેલિયાનું મેલબોર્નની જે આર્કીટેક ડિઝાઈન ફર્મ પોપ્યુલસ દ્વારા ડિઝાઈન થયું હતું તે જ ફર્મ દ્વારા આ સ્ટેડિયમની ડિઝાઈન બનાવવામાં આવી છે. ભારતનું હાલનું સૌથી મોટું ક્રિકેટ સ્ટેડિયમ કોલકત્તાનુ ઈડન ગાર્ડન જેમાં ૬૬,૦૦૦ દર્શકો બેસવાની ક્ષમતા છે જ્યારે આ સ્ટેડિયમમાં ૧.૧૦ લાખ લોકો બેસવાની ક્ષમતા છે. અંદાજિત ૭૦૦ કરોડના ખર્ચે બનેલ આ સ્ટેડિયમમાં અંદર જ એક ઈન્ડોર ક્રિકેટ એકેડમી શરૂ કરવામાં આવશે. તમામ સુવિધાઓથી સજ્જ ૪ ડ્રેસિંગ રૂમ, ૫૫ રૂમ સાથેનું એક ક્લબ હાઉસ, ૭૬ કોર્પોરેટ બોક્સ તેમજ એક ઓલિમ્પિક સાઈઝનું સ્વિમિંગ પુલ પણ હશે સાથે જ ગ્રાઉન્ડમાં ૩ પ્રવેશદ્વાર બનાવવામાં આવ્યા છે.

ભાજપ પ્રમુખે પેજ પ્રમુખની નીતિને વધુ આક્રમક બનાવી

ગાંધીનગર, તા. ૧૦

ભાજપનાં નવા પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલ વર્ષ ૨૦૨૨માં મિશન ૧૮૨ લઈને આક્રમક જોવા મળી રહ્યા છે. અને ભાજપ પ્રદેશ સંગઠનમાં ધડમૂળથી ફેરફાર કરી રહ્યા છે. તેવામાં ભાજપ પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલ પેજ પ્રમુખની રણનીતિ આક્રમક રીતે લાગુ કરી રહ્યા છે. અને આ કડીમાં હવે ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી પણ હવે પેજ પ્રમુખ બની ગયા છે. સીએમ વિજય રૂપાણી રાજકોટમાં બૂથ નંબર ૨ અને વોર્ડ નંબર ૧૦માં પેજ પ્રમુખ બન્યા છે.

ભાજપ પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલે ટ્વીટ કરીને આ અંગે માહિતી આપી હતી. તેઓએ ટ્વીટ કરતાં લખ્યું કે, ગુજરાત રાજ્યનાં માનનીય સંવેદનશીલ મુખ્યમંત્રી શ્રી જ્ટ્રૈદ્ધઠ્ઠઅૌટ્ટિહૈહ્વઢ્ઢજીએ પેજ પ્રમુખ તરીકે પેજ કમિટીની રચનાનું કાર્ય પૂર્ણ કરી આપણને સૌને એક પ્રેરણાદાયી ઉદાહરણ પૂરું પાડ્યું છે. માનનીય મુખ્યમંત્રીશ્રીનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું.

ગુજરાત ભાજપ સંગઠનમાં સૌપ્રથમ વખત પેજ-પ્રમુખોની નિમણૂક કરવામાં આવી હતી. આ પેજ-પ્રમુખ એટલે દરેક વિસ્તારની મતદારયાદી જે ચૂંટણીપંચ દ્વારા બહાર પાડવામાં આવે એ મતદારયાદીના એક-એક પેજના પ્રમુખની નિમણૂક કરવામાં આવે છે. આ એક પેજમાં ૩૦ મતદારનાં નામ હોય છે, એટલે કે એક પેજ-પ્રમુખ એ માત્ર એ જ પેજના ૩૦ મતદાર સાથે સતત અને સીધો સંપર્ક મતદાનના દિવસ સુધી રાખવાનો અને મતદાનના દિવસે આ ૩૦ મતદારને મત આપવા મોકલવા સુધીની જવાબદારી પેજ-પ્રમુખને સોંપવામાં આવે છે. સામાન્ય રીતે આ પેજ-પ્રમુખ જે-તે વિસ્તારની સોસાયટી, મહોલ્લો કે પોળનો જ કાર્યકર હોય છે, જેથી તે એક પેજના મતદારો સાથે સંપર્કમાં જ હોય છે. એટલું જ નહીં ચૂંટણી દરમિયાન આવા લાખો પેજ-પ્રમુખો સાથે પ્રદેશ-પ્રમુખથી માંડીને અલગ અલગ આગેવાનો સૌરાષ્ટ્રના પ્રવાસ દરમિયાન સી.આર.પાટીલે સ્પષ્ટ કહ્યું હતું કે તમેં મને પેજ જિતાડી આપો, હું ગુજરાતમાં ભાજપ માટે ૧૮૨ ધારાસભા બેઠકનો લક્ષ્યાંક રાખું છું.

ફાયરના સાધનો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ફાયર સેફટીના સાધનો હતા પરંતુ કેટલીક જગ્યાએ એક્સ્ટીંગ્યુઝરમાં પ્રેસર ન હોવાનુ સ્પષ્ટ થયુ હતુ ત્યારે ફાયર સેફટીના સાધનોના ઉપયોગ અને તેને અપગ્રેડ રાખવા માટે એકમોના સ્ટાફને તાલીમ પણ આપવામાં આવી હતી. જો કે હજુ એન ઓ સી વિનાના એકમોની કડક તપાસનો દૌર સોમવારથી શરૂ થશે.

સર્વે માટે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૧૬ લાખથી વધુ વસ્તીને આવરી લેવામાં આવનાર છે.

જિલ્લાતંત્રના સૂત્રોના જણાવ્યાનુસાર કામ ખુબજ ઝીણવટભર્યુ હોવાથી ત્રણ દિવસમાં આ કામગીરી હાલ તો શક્ય નથી પરંતુ શક્ય તેટલી કામગીરી તો પુરી કરવા માટેનું આયોજન છે. જરૂર પડ્યે આ માટેની સમય મર્યાદામાં વધારો કરવામાં આવશે.

દરમ્યાન વેક્સીન અંગેની તડામાર તૈયારીઓ વેગીલી બનાવવામાં આવી છે. જિલ્લા આરોગ્યતંત્ર પાસે ૬ જેટલા આઈ.એસ.આર. ફ્રીજ અને ડીપ ફ્રીજ આવી પહોંચ્યા છે. પંચાયતમાં આ અંગે વેક્સીન સ્ટોર બનાવવાની તૈયારીઓ પણ તડામાર ચાલી રહી છે. નીચે ભોંયતળિયે આવેલી આરોગ્ય તંત્રની ઓફિસનો કેટલોક સામાન તો હાલ ખસેડવામાં આવી રહ્યો છે. આ સપ્તાહમાં આ અંગેનો વેક્સીન સ્ટોર પણ તૈયાર કરી દેવામાં આવશે તેમ જાણવા મળેલ છે.

કોરોના વેક્સીન અંગે કોરોના વોરિયર્સ જે સરકારમાં રહી ફરજો બજાવી રહ્યા છે તેમની યાદી તૈયાર થઈ ગઈ છે. પ્રાઈવેટ અને અન્ય હોસ્પિટલોના વોરિયર્સની યાદી પણ તેના અંતિમ તબક્કામાં છે.

ફ્રન્ટલાઈન કોરોના વોરિયર્સની યાદીને પણ લગભગ આખરી રૂપ આપવાની કામગીરી હાલ ગતિમાં છે.

ત્રીજા તબક્કામાં ૫૦ થી વધુ વયના લોકો અને ચોથા તબક્કામાં ૫૦ થી નીચેની વયના કોમોર્બિડ દર્દીઓની યાદી પણ તૈયાર કરવામાં આવી રહી છે. આમ જિલ્લાનું તંત્ર કોરોના વેક્સીનેશનને લઈ તૈયારીમાં ગળાડૂબ બની ગયુ છે.

તંત્ર માટે જટીલ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

માટેની પ્રક્રીયા વધુ જટીલ અને માથાના દુખાવા રૂપ બની છે. શહેરમાં જોખમી આવાસો તોડવાના મામલે સરકારે બધા આવાસો ખાલી થાય ત્યારબાદ જ આવાસો તોડવાનુ કામ શરૂ કરવા માટે સુચના આપી છે. ત્યારે તંત્ર પણ આવાસના મામલે વધુ સજાગ બન્યુ છે. થોડા સમય અગાઉ સે-૬ માં એક ભયજનક બ્લોક જમીનદોસ્ત થયો હતો જો કે તંત્રએ આ બ્લોકને અગાઉથી જ કોર્ડન કરી દીધો હતો. જયારે વરસાદી દિવસોમાં બ્લોક આસપાસ માટી પોલાણ થવાના લીધે આખો બ્લોક જમીનદોસ્ત થયો હતો. ત્યારે સેકટરોમાં સ્થિત જોખમી આવાસો ત્વરિત ખાલી કરાવવા અનિવાર્ય બન્યા છે. આવા સંજોગોમાં તંત્ર કક્ષાએથી પણ તબક્કાવાર કામગીરી ચાલી રહી છે.

આકાંક્ષાઓ પૂર્ણ થશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જ ૧૨મી શતાબ્દીમાં ભગવાન બસવેશ્વરે લોકસંસદની શરુઆત કરી દીધી હતી. વડાપ્રધાને જણાવ્યું કે દસમી શતાબ્દીમાં તમિલનાડુના એક ગામમાં પંચાયત વ્યવસ્થાનું વર્ણન છે. એ ગામમાં આજે પણ એવી જ રીતે મહાસભા ભરાય છે, જે એક હજાર વર્ષથી ચાલુ છે.ઁસ્એ જણાવ્યું કે ત્યારે પણ નિયમ હતો કે જો કોઈ પ્રતિનિધિ પોતાની સંપત્તિની વિગત નહીં આપે તો તે અને તેના સંબંધી ચૂંટણી નહીં લડી શકે.

પીએમ મોદીએ કહ્યું કે, નવા સંસદ ભવનમાં એવી અનેક ચીજો કરવામાં આવી રહી છે જેનાથી સાંસદોની દક્ષતા વધશે. તેમના વર્ક કલ્ચરમાં આધુનિકતા આવશે. જૂના સંસદ ભવને સ્વતંત્રતા બાદના ભારતને દિશા આપી તો નવું ભવન આત્મનિર્ભર ભારતના નિર્માણનું સાક્ષી બનશે. જૂના સંસદ ભવનમાં દેશની આવશ્યકતાઓની પૂર્તિત માટે કામ થયું તો નવા ભવનમાં ૨૧મી સદીના ભારતની આકાંક્ષાઓ પૂરી કરવામાં આવશે. વડાપ્રધાને નરેન્દ્ર મોદીએ કહ્યું કે, આપણે યાદ રાખવાનું છે કે લોકતંત્ર જે સંસદ ભવનનું અસ્તિત્વનો આધાર છે, તેના પ્રત્યે આશાવાદને જાગૃત રાખવું આપણા સૌની જવાબદારી છે. આપણે એ હંમેશા યાદ રાખવાનું છે કે સંસદ પહોંચેલો દરેક પ્રતિનિધિ જવાબદારી હોય. તેમની જવાબદારી જનતાની પ્રત્યે પણ છે અને બંધારણના પ્રત્યે પણ છે.

શિલાન્યાસ કર્યું... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જણાવાયું હતું કે નવા સંસદ ભવનની ડિઝાઈન અમદાવાદના મૈસર્સ એચસીપી ડિઝાઈન અને મેનજમેન્ટ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા કરવામાં આવી છે અને તેનું નિર્માણ ટાટા પ્રોજેક્ટ્સ લિમિટેડ દ્વારા કરવામાં આવશે.

નવા સંસદ ભવનમાં તમામ આધુનિક ઓડિયો-વીડિયો ટેક્નોલોજી અને ટાટા નેટવર્કથી સજ્જ હશે. એ સુનિશ્ચિત કરવા માટે વિશેષ ધ્યાન આપવામાં આવી રહ્યું છે, નિર્માણ કાર્ય દરમિયાન સંસદના સત્રોના આયોજનમાં ઓછામાં ઓછી ખલેલ પડે અને

પ્રયાવરણ સંબંધી તમામ સુરક્ષા ઉપાયોનું પાલન કરવામાં આવશે. લોકસભા સચિવાલય મુજબ નવા સંસદ ભવનના લોકસભા કક્ષમાં ૮૮૮ સભ્યોની વ્યવસ્થા હશે, જેમાં સંયુક્ત સત્ર દરમિયાન ૧૨૨૪ સભ્યોની બેઠક વ્યવસ્થા હશે. આ પ્રકારે, રાજ્ય સભા કક્ષમાં ૩૮૪ સભ્યોની બેઠક વ્યવસ્થા હશે.

નવા સંસદ ભવનમાં ભારતની ગૌરવશાળી ઈતિહાસને પણ દર્શાવવામાં આવશે. દેશના ખુણા-ખુણાથી શિલ્પકાર પોતાની કળા અને યોગદાનના માધ્યમથી આ ભવનમાં સાંસ્કૃતિક વિવિધતાનો સમાવેશ કરાશે. નવા સંસદ ભવન અત્યાધુનિક, ટેક્નોલોજીની સુવિધાઓ હશે અને ઉર્જા કુશલ હશે. હાલ સંસદ ભવનની જોડે ત્રિકોણીય આકારની નવી ઈમારત સુરક્ષા સુવિધાઓથી ભરપુર હશે. નવી લોકસભાનું આકાર ત્રણ ગણું મોટું હશે અને રાજ્યસભાના આકારમાં વૃદ્ધિ કરાઈ છે. નવા ભવનની સજ્જામાં ભારતીય સંસ્કૃતિ, સ્થાનિક કળા, શિલ્પ અને વાસ્તુકળાની વિવિધતાની ઝલક જોવા મળશે.

આકરા પ્રહાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આપણે તમામ ક્ષેત્રોમાં લોકોની મૌલિક આઝાદીનું ધ્યાન રાખવું પડશે અને તેની સાથે જોડાયેલા પડકારોને સમજવા પડશે. તમામ ક્ષેત્રોમાં શાંતિ, સ્થિરતા અને નિયમો પર આધારિત દેશનો આધાર બનાવા માટે અમારી પ્રતિબદ્ધતા જ વિશ્વનું ભવિષ્ય નક્કી કરશે. ઉલ્લેખનીય છે કે આની પહેલાં સપ્ટેમ્બરમાં ભારત અને ચીનના રક્ષામંત્રી મૉસ્કોમાં પણ મળ્યા હતા, જેથી કરીને વિવાદનો શાંતિપૂર્ણ ઉકેલ લાવી શકાય. ત્યારથી લઈ અત્યાર સુધી બંને દેશોની વચ્ચે કેટલીય બેઠકો યોજાઈ ચૂકી છે પરંતુ તણાવ હજુ પણ યથાવત છે.

પ્રત્યક્ષ રીતે ચીનનું નામ લીધા વગર રાજનાથ સિંહે કહ્યું કે જેમકે અમે પરસ્પર વિશ્વાસ વધારી રહ્યા છીએ, ગતિવિધિઓના સંચાલનમાં આત્મ-સંયમ વર્તી રહ્યા છે અને આ કાર્યો કરવાથી બચે છે, જે સ્થિતિને વધુ જટિલ કરી શકે છે. આ કેટલાંક એવા ઉપાય છે જેની મદદથી ક્ષેત્રમાં નિરંતર શાંતિ સ્થાપિત કરી શકાય છે. જો કે તેના માટે આપણે એક લાંબો રસ્તો કાપવો પડશે. રક્ષામંત્રીએ કહ્યું કે છેલ્લાં એક દાયકામાં સામૂહિક ઉપલબ્ધિ, રણનીતિક સંવાદ અને વ્યવહારિક સહયોગના માધ્યમથી બહુપક્ષીય સહયોગને આગળ વધારવામાં ઉલ્લેખનીય પ્રગતિ થઈ છે. એડીએમએમ આ ક્ષેત્રમાં શાંતિ, સ્થિરતા અને નિયમ-આધારિત આદેશને આધાર બનાવા માટે સારું કામ કરી રહ્યા છે અને અમે તેના વખાણ કરીએ છીએ.

એડીએમએમ-પ્લસ, આસિયાન અને તેના આઠ સંવાદ ભાગીદારો ઑસ્ટ્રેલિયા, ચીન, ભારત, જાપાન, ન્યૂઝીલેન્ડ, કોરિયા ગણરાજ્ય, રશિયા અને અમેરિકા (જેમને સામૂહિક રીતે પ્લસ દેશ કહેવાય છે) માટે એક મંચ છે, જે સુરક્ષા અને રક્ષા સહયોગને મજબૂત કરવા અને ક્ષેત્રમાં શાંતિ, સ્થિરતા અને વિકાસ માટે કામ કરે છે.

કોવિડ સંકટ પર બોલતા રાજનાથ સિંહે કહ્યું કે કોરોના વાયરસ માટે દેશોની સરહદો અગત્યની નથી. આ દ્રષ્ટિથી મહામારીને ઉકેલવા માટે આપણે સામૂહિક રીતે પગલાં ભરવા પડશે અને એકબીજાને સહયોગ કરવો પડશે. રક્ષા મંત્રીએ ઈન્ડો-પેસિફિકના મુદ્દા પર પણ આસિયાનનું ધ્યાન આકર્ષિત કર્યું. આપને જણાવી દઈએ કે આ વર્ષે વિયેતનામ આસિયાન ગ્રૂપની અધ્યક્ષતા કરી રહ્યું છે અને આ વર્ષ એડીએમએમ-પ્લેસની ૧૦મી વર્ષગાંઠ છે.

કાફલા પર હુમલો

● અનુસંધાન પહેલાનું ચાલુ

મેં આ મામલે વહીવટી તંત્ર અને ગૃહમંત્રી અમિત શાહને પત્ર લખ્યો છે. જણાવી દઈ